# કથા એક–અર્થ અનેક

–મોહમ્મદ માંકડ

*(અહીં એક સુફી કથા રજુ કરી છે. આ કથાની વીશીષ્ટતા એ છે કે, જુદા જુદા સ્તરના વાચકો કે શ્રોતાઓને તે જુદી જુદી રીતે, જુદા જુદા સન્દર્ભમાં સમજાય છે. સામાન્ય વ્યક્તી એમાંથી અમુક અર્થ તારવે છે, તો વીદ્વાન જુદો જ અર્થ તારવી શકે છે અને શ્રદ્ધાવાન કે ભક્ત વળી જુદી જ રીતે તેને સમજે છે. તેમાંથી કોઈ એક જ પ્રકારનો બોધ તારવી શકાતો નથી. તેનું આંતરીક પોત એવું ગુમ્ફીત હોય છે કે તે માનવીના વીશાળ સમુહને સ્પર્શી શકે છે.*

*તો–*

*અહીં આપેલ કથામાંથી તમે શું સમજો છો તે તમારે વીચારવાનું છે.)*

♦●♦

એક નાનકડા ગામમાં, એક ગરીબ ભરવાડ બકરીઓ રાખીને પોતાના કુટુમ્બનું ભરણ–પોષણ કરતો હતો. તે બોલી શકતો હતો; પરન્તુ તદ્દન બહેરો હતો.

તાજું, લીલું ઘાસ ચરાવવા માટે રોજ બકરીઓને લઈને એ ગામથી થોડે દુર આવેલી ટેકરી ઉપર લઈ જતો હતો. એ બહેરો હતો એ ખરું; પરન્તુ એથી એને કશો ફરક પડતો નહોતો. એક દીવસ એણે જોયું તો એને ખબર પડી કે એની પત્ની બપોરનું એનું ભાતું આપવાનું જ ભુલી ગઈ હતી. અગાઉ આવું બન્યું ત્યારે દીકરા સાથે પાછળથી એણે ભાતું મોકલી આપ્યું હતું; પરંતુ આજે તો સુરજ માથે આવી જવા છતાં, હજી સુધી કશું આવ્યું નહોતું.

ભરવાડે વીચાર્યું કે હું ઘરે જઈ આવું. દીવસ આથમે ત્યાં સુધી ભુખ્યા પેટે હું અહીં રહી નહીં શકું. એની નજર ટેકરી ઉપર ઘાસ વાઢતા એક માણસ પર પડી. એની પાસે એ પહોંચી ગયો અને કહ્યું, "ભાઈ, મારી બકરીઓ પર જરા નજર રાખતા રહેશો ? એટલું જો જો કે એ બધી આઘીપાછી ન થઈ જાય. મારી પત્નીએ મુર્ખાઈ કરી છે. આજે મારું બપોરનું ખાણું મુકવાનું જ ભુલી ગઈ છે. એ માટે મારે ઘરે જવું પડશે."

હવે, પેલો ઘાસ કાપવાવાળો પણ બહેરો હતો. એણે એક શબ્દ પણ સાંભળ્યો નહોતો. એટલે એણે કહ્યું, "હું મારા ઢોર માટે જે ચારો કાપું છું એમાંથી તને મારે શા માટે કાંઈ આપવું જોઈએ ?  મારે ઘરે એક ગાય અને બે ઘેટાં છે. જો તને ઘાસ આપું તો એના માટે ઘાસ લેવા માટે એને ઘણે દુર જવું પડશે. અત્યારે મારી પાસે થોડુંઘણું લઈ જવા માટે છે એમાંથી હું તને કશું આપવા માગતો નથી. માટે મારો પીછો છોડ."

એણે હાથ હલાવ્યો, "જા ભાઈ, જા." અને મુછમાં હસ્યો. પણ બકરીવાળા બહેરા ભરવાડે તો કશું જ સાંભળ્યું નહોતું. એણે કહ્યું, "મારા મીત્ર, સંમત થવા બદલ આભાર. હું જઈને તરત જ પાછો આવું છું. ઈશ્વરના આશીર્વાદ તમારા પર હજો, તેં મારા મનને શાંતી આપી છે." દોડતો દોડતો તે ગામમાં પહોંચ્યો અને પોતાના ઘરે જઈને જોયું તો તેની પત્ની તાવમાં પટકાયેલી હતી અને એક પડોશી બાઈ તેની સંભાળ લઈ રહી હતી. ભરવાડ પોતાનું ભાતું લઈને ફરી ટેકરી પર પહોંચી ગયો. એણે બકરીઓ ગણી લીધી. પુરેપુરી હતી, એક પણ આઘીપાછી થઈ નહોતી.

પેલો ચારો વાઢવાવાળો તો હજી પોતાના કામમાં વ્યસ્ત હતો. બકરીવાળો ભરવાડ મનોમન બોલ્યો, ‘ચારો વાઢતો આ માણસ કેટલો ભલો કહેવાય ! એણે બરાબર ધ્યાન રાખ્યું છે કે મારું એક પણ પશુ રખડતું–ભટકતું ક્યાંય ચાલ્યું ન જાય. મારે એની આ મહેરબાની બદલ એનો આભાર ન માનવો જોઈએ. મારી આ એક નાનકડી બકરીનો એક પગ આમેય ખરાબ છે. હું એ બકરી જ એને ભેટ આપી દઉં તો કેમ ?’ બકરીને એણે ખભે નાખી અને પેલા તરફ ચાલવા માંડ્યું. નજીક પહોંચીને કહ્યું, "જો ભાઈ, હું નહોતો ત્યારે તેં મારી બકરીઓનું ધ્યાન રાખ્યું હતું એટલે હું તારે માટે આ ભેટ લાવ્યો છું. મારી કમનસીબ પત્નીને આજે તાવ આવ્યો છે. મને લાગે છે કે મારો આટલો જ ખુલાસો પુરતો છે."

પરંતુ ચારો ભેગો કરતાં એ બહેરાએ ભરવાડના કોઈ શબ્દો સાંભળ્યા નહોતા. એ ક્રોધથી બરાડ્યો, "સાલા, હલકટ ભરવાડ, તું નહોતો ત્યારે મેં એ તરફ નજરેય કરી નથી. તારી બકરીનો પગ લંગડો થઈ જાય એમાં હું કઈ રીતે જવાબદાર ગણાઉં ? હું તો મારો ચારો કાપવામાં રોકાયેલો હતો. એ કઈ રીતે બન્યું એની મને તો કંઈ ખબર જ નથી જતો રહે. જતો રહે. નહીં તો મારે તને તગેડી મુકવો પડશે."

ભરવાડ પેલાને ખીજાયેલો જોઈને નવાઈ પામી રહ્યો હતો. ચારાવાળો નારાજ થઈને શું બોલતો હતો તે સાંભળી શકતો નહોતો; પરંતુ એનો ક્રોધી ચહેરો જોઈને તેને આશ્ચર્ય થતું હતું. એટલે બાજુમાંથી ઘોડા પર બેસીને પસાર થઈ રહેલા એક મુસાફરને તેણે મદદ માટે બોલાવ્યો અને બોલ્યો, "મહેરબાન, માફ કરજો. પણ મને એ કહેશો કે ચારાવાળો ભાઈ શું કહે છે ? હું કાને બહેરો છું. મને એ સમજાતું નથી કે હું આ બકરી એને ભેટ આપું છું. એનો એ ઉગ્ર થઈને કેમ અસ્વીકાર કરે છે ?"

ભરવાડ અને ચારાવાળો પોતપોતાની વાત બુમબરાડા પાડીને પેલા ઘોડાવાળા મુસાફરને કરવા લાગ્યા. હવે, સાચી વાત એવી હતી કે એ એક ઘોડાચોર હતો અને પેલા બન્નેની જેમ જ બહેરો હતો. એ કશું જ સાંભળતો નહોતો. ભુલો પડી ગયો હતો એટલે

જાણવા માગતો હતો કે આ કઈ જગ્યા છે અને પોતે ક્યાં આવી પહોંચ્યો છે. પરંતુ જ્યારે તેણે આ બે જણને ગુસ્સે ભરાયેલા જોયા ત્યારે કહ્યું, "હા ભાઈઓ, હું કબુલ કરું છું કે મેં ઘોડો ચોર્યો છે; પરંતુ હું જાણતો જ નહોતો કે એ તમારો હશે. મને માફ કરો. મેં કોઈક નબળી ક્ષણે લાલચમાં આવી જઈને આ અવીચારી કૃત્ય કરેલું છે !"

હવે, પેલો ચારાવાળો તડુક્યો, "બકરી લંગડી થઈ ગઈ એની સાથે મારે કંઈ લાગતું વળગતું નથી."

બીજી તરફ બકરીવાળા ભરવાડ ઘોડાવાળાને વીનંતી કરે છે કે, "એને પુછો કે એ મારી ભેટ શા માટે સ્વીકાતો નથી. હું તો એની તરફના મારા આદરને લીધે આ આપવા માગું છું."

ચોરે કહ્યું, "મેં ઘોડો ચોર્યો એ હું કબુલ કરું છું; પણ હું બહેરો છું એટલે આ ઘોડો તમારા બેમાંથી કોની માલીકીનો એ છે એ હું સાંભળી શકતો નથી."

બરાબર એ જ વખતે એક ઉંમરલાયક એક દરવેશ નજરે પડ્યા. ધુળીયા રસ્તે ગામ તરફ એ જઈ રહ્યા હતા. ચારાવાળો એમની પાસે દોડી ગયો. એમના ઝબ્બાની ચાળ હળવેકથી ખેંચીને કહ્યું, "આદરણીય દરવેશ, હું એક બહેરો માણસ છું. આ બન્ને જે કહે છે એમાં ધડ–માથાની મને ખબર પડતી નથી. આપ આપના ડહાપણથી એ નક્કી કરી કહો કે એ બન્ને શા માટે બુમબરાડા પાડે છે."

પરંતુ દરવેશ મુંગા હતા. એમને વાચા નહોતી. એટલે જવાબ આપી શક્યા નહીં. પણ એમની નજીક જઈને ત્રણે બહેરાઓના ચહેરા તાકીને જોવા માંડ્યા. બહેરાઓએ બોલવાનું બંધ કરી દીધું.

દરવેશે પોતાની તીવ્ર અને વેધક દૃષ્ટીથી પહેલાં એકની સામે અને પછી બીજાની સામે જોયું. પેલા બન્ને તો બેચેની અનુભવવા લાગ્યા !

દરવેશની ચમકદાર કાળી આંખો, સાચી કડી મેળવવા અને પરીસ્થીતીનો તાગ મેળવવા જાણે કે ત્રાટક કરવા લાગી. બધા ફફડવા લાગ્યાં. પોતે તંત્રવીદ્યાનો કે કોઈ કામણ ટુમણનો ભોગ બની જશે એ બીકે ત્રણે ડરવા લાગ્યા.

અચાનક ચપળતાપુર્વક કુદીને ચોરે ઘોડા ઉપર સવારી કરી લીધી અને સડસડાટ ઘોડાને મારી મુક્યો. ભરવાડે પોતાની બકરીઓને વાળવા માંડી. ચારાવાળો આંખો નીચી કરી, ચારાની ગાંસડી બાંધી, ખભે ચડાવીને ટેકરી પરથી પોતાના ઘર તરફ ચાલવા માંડ્યો.

દરવેશ પણ પોતાની સફરમાં ચાલી નીકળ્યા અને વીચારવા લાગ્યા કે, ક્યારેક વાચા પણ વાતચીત કરવા માટે કેટલું બીનઉપયોગી માધ્યમ થઈ જાય છે ? જાણે કે, માણસને વાચા છે જ નહીં !

આ કથા ઘણું ઘણું કહી જાય છે.

એમાંનું એક રહસ્ય એવું પણ છે કે દરવેશ સાંભળી શકે છે, એમને વાચા પણ છે; પરન્તુ એમની વાત સાંભળી શકે–સમજી શકે એવું સામે કોઈ નથી ! એવું પણ તો કોઈ હોવું જોઈએ ને ? બોધ આપવો, સાચી વાત સમજાવવી; પણ કોને ? બહેરાઓને ?

–આ તો માત્ર એક અર્થ છે. બીજા ઘણા ગુઢ અર્થ પણ આમાં સમાયેલા છે.

તમે એમાંથી શું સમજો છો ? વીચારજો...

–મોહમ્મદ માંકડ

**સમ્પર્ક:** 153/બી, સેક્ટર–20, રાજભવન સામે, 'જ' રોડ, **ગાંધીનગર**–382 020

**ફોનઃ** 079-2326 0216

લેખકના **'પ્રાર્થના–પોતાની જાતને પામવાનો સરળ માર્ગ'** (**પ્રકાશક**–ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, **અમદાવાદ**–૩૮૦ ૦૦૧, **પૃષ્ઠ**–૧૭૬, **પહેલી આવૃત્તી**–૨૦૦૮, **પુનર્મુદ્રણ**–ઓક્ટોબર, ૨૦૦૮, **નકલ**–૪૦૦૦, **મુલ્ય**–રુપીયા–૧૦૦) પુસ્તકના પાન–૧૨૭ ઉપરથી સાભાર....**ઉત્તમ ગજ્જર**

**'સન્ડે ઈ–મહેફીલ'** – **વર્ષ:** પાંચમું – **અંક:** 170-2 – July 19, 2009

**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમાં **સાભાર અક્ષરાંકનઃ વીજેશ શુક્લ** -

**vijvan302@gmail.com**

●●●

***અને છેલ્લે... ...***

*ગુજરાતી જણ અક્ષર કરતાં આંકડામાં વધુ વીશ્વાસ ધરાવે છે. તેની ભાષા ખરાબ છે; પણ હીસાબ પાક્કો છે. ઉંઝાજોડણીનું આંદોલન એટલે નથી જામતું કે સરેરાશ ગુજરાતીને જોડણીમાં રસ અને સમજણ પડતાં નથી. તેને બદલે આંકડા સાચા લખવાનું આંદોલન ઉંઝાજોડણીવાળાઓએ ચલાવ્યું હોત તો તેઓ માલામાલ થઈ ગયા હોત..* ***–વીદ્યુત જોશી***

*૫ જુલાઈ ૨૦૦૯ના* ***'દીવ્ય ભાસ્કર'****ની રવીવારીય પુર્તીમાંની એમની સાપ્તાહીક કટાર* ***'સમુદ્રમંથન'****માંથી સાભાર...*

(♦)●(♦)●(♦)●(♦)